
# SOHAM

## An International Multidisciplinary Peer Reviewed Research Journal

ISSN: 2350-0697

Impact Factor 5.810



Volume-38 Issue-18 Oct. - Dec. - 2023

Editor – In – Chief

Dr. Dilkhush U. Patel

ISSN: 2350-0697
Impact Factor:5.810

## EDITORIAL BOARD

**Editor – In – Chief**

**Dr. Dilkhush U. Patel**
*(MA, PhD)*

Principal
V.N.S. B. Ltd. Arts and Commerce College
Vadnagar, Gujarat

## MEMBERS OF ADVISORY BOARD

**Dr Niranjan Patel**
Dean,
S.P. University, V.V.Nagar, Anand

**Dr. Dilip Patel**
Former Registrar
Hemchandracharya North Gujarat University, Patan

**Dr. J. K. Patel**
Principal
Shri V. R. Patel College Of Commerce, Mehsana

**Dr. Sanjay Shah**
Principal
Arts, Commerce & Science College, Pilvai

**Dr. Dinesh N. Patel**
Assi. Professor, Dept. of Accountancy
V.N.S. Bank Ltd. Arts and Commerce College, Vadnagar, Gujarat

# Content of the Table


| Sr.No. | Title of the Paper/Article | Author | P. No |
|---|---|---|---|
| 1 | Encroachment in Traditional Educational System through Augmented Reality | Dr.Abhijeetsinh Jadeja<br>Yogesh Patel<br>Shahnavajkhan Pathan<br>Bhumika Patel | 1 |
| 2 | भक्तिकालीन हिन्दी साहित्य में राम | डॉ आई डी वाघेला | 7 |
| 3 | भारतीय ज्ञान परंपरा और मूल्य शिक्षा | डॉ. ममता शर्मा | 11 |
| 4 | मधुकर सिंह के उपन्यासों में जीवन मुल्यलक्षी शिक्षण | रामी सोनुबेन कीर्तिकुमार | 15 |
| 5 | वेदकालीन एवं वर्तमान समय में स्त्री शिक्षा और स्त्रियों की स्थिति | Dhrangi Sureshkumar Babulal | 19 |
| 6 | हिन्दी साहित्य मे भारतीयता | डॉ.बीनाबेन जयंतीभाई | 25 |
| 7 | जनजातीय आवासीय विद्यालयों में कार्यरत शिक्षकों की आई.सी.टी. प्रोजेक्ट के प्रति अभिवृत्ति नई शिक्षानीति के संदर्भ में | भूमिका अग्रवाल | 28 |
| 8 | ભારતીય ટૂંકીવાર્તાનાં મધમધતા ફૂલો | ડૉ. દિનેશભાઈ કાળુભાઈ ભોયા | 34 |
| 9 | Bharatma Swatntr Samayni Arth Vyvstha | Pro. Dalapatbhai Nanjibhai Patel | 36 |
| 10 | ગુજરાતી સહિત્યમાં અનુ આધુનિક્વાદની દાર્શનિક પીઠીકા | પ્રા. દક્ષાબેન ગમનભાઈ ચૌધરી | 38 |
| 11 | નવી શિક્ષણ નીતિમાં કૃત્રિમ બુદ્ધિમતા (AI) ના ભાગરૂપે કોડિંગ દ્વારા શિક્ષણમાં આમૂલ પરિવર્તન | ડો. દર્શના એમ. કોટેચા | 40 |
| 12 | સ્વાસ્થ્ય અને પૂરકપોષણ સરકારી યોજનાનું મૂલ્યાંકન તાપી જિલ્લાના સોનગઢ અને ઉચ્છલ તાલુકાના સંદર્ભમાં | ANILKUMAR. R. VASAVA | 43 |
| 13 | ગુજરાતી સાહિત્ય માં નવી શિક્ષણ નીતિ નો પ્રભાવ | ડૉ. રૂપા ભટ્ટ | 49 |
| 14 | ગુજરાતી પરીપ્રેક્ષ્યમાં વર્તમાન સમસ્યા | પ્રા. ગણપતભાઈ મંછુભાઈ ચૌધરી | 51 |
| 15 | ભારતીય સમાજનુ સાંસ્કુતિ અને સામાજિક બંધારણ | પ્રા. કાલુગીરી ધરમગીરી ગોસ્વામિ | 53 |
| 16 | વૃદ્ધો ના અધિકારો અંગે ભારતીય બંધારણની જોગવાઈઓ અને અદાલતોના ચુકાદાઓનો અભ્યાસ | દવે ખૂશ્બુબેન કિરણકુમાર | 55 |
| 17 | શારીરિક શિક્ષણમાં એરોબિક કસરતનુ મહત્વ | ડો. લલિતભાઈ મનજીભાઈ બારૈયા | 63 |

ISSN: 2350-0697
Impact Factor:5.810

# ગુજરાતી પરીપ્રેક્ષ્યમાં વર્તમાન સમસ્યા

પ્રા. ગણપતભાઈ મંછુભાઈ ચૌધરી
મહિલા આર્ટ્સ કોલેજ, મોડાસા

ભારત રાષ્ટ્ર, વર્તમાન સમસ્યાઓ, સાહિત્યિક પરિદ્રશ્ય' વિષય પર વિચારવાનું બને છે ત્યારે મારી સામે સ્વતંત્ર્યોત્તર કાળ દરમ્યાન રાજકીય અને સામાજિક ક્ષેત્રે બનેલી કંઇ કેટલીય વિઘાતક ઘટનાઓ તાદ્દશ થાય છે. આજે આપણો દેશ જે સમસ્યાથી પીડાય છે, જે સમસ્યાથી તેનો વિકાસ રૂંધાયો છે તે સમસ્યાઓનાં મૂળ ઘણા ઊંડા છે. આઝાદીપછીના સાંઠ વર્ષોમાં આપણા દેશે જે દિશામાં હરણફાળ દોટ મૂકીને જે પરિણામો મેળવ્યાં છે તે ઓછાં પ્રસન્નકર અને વધુ ક્ષોભકર છે. સામ્પ્રત ભારતીય સમાજનાં વિભિન્ન ક્ષેત્રોમાં આવતાંજતાં પરિવર્તનો નિહાળતાં લાગે છે કે આપણા આધ્યાત્મિક અને કૃષિપ્રધાન દેશનો ચહેરો બદલાઈ રહ્યો છે. આપણી આધ્યાત્મિકતાનું સ્થાન ભૌતિકવાદે અને કૃષિપ્રધાનતાનું સ્થાન ઔદ્યોગિકતાએ લીધું છે. પરિવર્તન સૃષ્ટિનો નિયમ છે; પરંતુ પરિવર્તન વિધાયક હોય તો માનવ અને માનવસમાજનું આંતર-બાહ્ય રીતે ઊર્ધ્વીકરણ થાય છે અને વિઘાતક હોય તો કેવી પરિસ્થિતી સર્જાય છે તે સામ્પ્રત રાષ્ટ્રીય સમસ્યાઓ જોતાં જ ખ્યાલ આવે છે. આપણા દેશની મોટી સમસ્યા પશ્ચિમીકરણ અને ભૌતિકવાદનાં થતાં જતાં આક્રમણની છે.

પશ્ચિમના દેશની સંસ્કૃતિએ ભારતીય સમાજમાં પ્રવેશી ગયેલાં કેટલાંક દૂષણોને દૂર કર્યાં છે અને ભારતીય પ્રજાને ભૌતિક સુખ, સમૃદ્ધિ અને સલામતીનો અનુભવ કરાવ્યો છે એ સાચું છે. આ જ સંસ્કૃતિએ ભારતીય પ્રજાને મધ્યકાલીન દશામાંથી બહાર આણીને તેની સંકુચિત થયેલી દ્રષ્ટિને વિકસાવી છે, એ પણ સાચું છે; પરંતુ આ સંસ્કૃતિથી પ્રભાવિત થઈને મૂર્ચ્છિત થયેલી ભારતીય પ્રજા, પોતાની ભવ્ય સંસ્કૃતિ અને પરમ્પરા સાચા અર્થમાં સમજ્યા વિના તેની નિંદા કરતી થઈ ગઈ ! આપણી ભારતીય સંસ્કૃતિ ભવ્ય હતી, છે અને રહેવાની સમયાંતરે અને સંજોગોવશાત તેમાં કેટલાંક દૂષણો, અંધશ્રદ્ધાઓ, સંકુચિતતા, રૂઢિચુસ્તતા પ્રવેશ્યા હતાં જેને સમજીને દૂર કરવાના પ્રયાસો થવા જોઈતા હતા. પરંતુ દુર્ભાગ્યે એવું ન થયું અને ધીમે ધીમે આપણી જીવનવ્યવસ્થા બદલાતી ગઈ. જીવન વિશેના વિચારો બદલાતા ગયા, જીવનમૂલ્યો બદલાતાં ગયાં. આ બધું બદલાયું તેમાં આદર્શ મોડેલ તરીકે પશ્ચિમની સંસ્કૃતિને રાખવામાં આવી હતી. પશ્ચિમના ભૌતિકવાદે આપણા સાંસ્કૃતિક વારસાને જ ખતમ નથી કર્યો, પરંતુ આત્મિક સુખ-શાંતિ અને સલામતીના ભાવને પણ હણી નાખ્યા છે. ભૌતિક સાધન-સંપત્તિમાં સુખ જોતાં લોકો વધુ ને વધુ પૈસા પ્રાપ્ત કરવાના ઉપાયો શોધવા માંડ્યા અને યેનકેન પ્રકારે પૈસા મેળવીને ભૌતિક સુખ મેળવવાના પ્રયાસો કરવા માંડ્યા. આ ભૌતિકવાદે ભ્રષ્ટાચારને જન્મ આપ્યો. લોકો બ્લડ ગૃપ કરાવે છે, પરંતુ પૈસાનું ગૃપ કરાવતા નથી. સાદી-સાદી જીવન પદ્ધતિ છોડીને માણસે પોતાના જીવનધોરણને એટલું ઊંચું કરી મૂક્યું ને પોતાની પદ-પ્રતિષ્ઠાની લાલસા એટલી તીવ્રતમ કરી દીધી કે તે આપોઆપ જ ભ્રષ્ટાચારમાં સંડોવાય છે. ભારતીય સમાજનાં રાજકારણ, ઉદ્યોગ, મેડિકલ, શિક્ષણ, સરકારી ઓફિસો, ન્યાયતંત્ર, વહીવટીતંત્ર – જેવાં વિવિધ ક્ષેત્રોમાં ભ્રષ્ટાચાર રોગના જંતુની જેમ વ્યાપી ગયો છે. આ ભ્રષ્ટાચારે ભારતના ભાવિ વિકાસને રૂંધી નાંખ્યો છે. લાંચ-રુશ્વત લીધા વિના કોઈ પણ કામ ન જ થઈ શકે એ જાણે સરકારી તંત્રમાં કામ કરતાં કર્મચારીનો વણલખ્યો જીવનમંત્ર જ થઈ પડ્યો છે. કાર્યનિષ્ઠ અને પ્રામાણિકતાના અભાવે સરકારી તંત્રોએ, વહીવટીતંત્રોએ, ન્યાયતંત્રોએ જે સ્થિતિ સર્જી છે તે નિરાશાજનક જ નહીં, દયનીય છે. ગુલામીપ્રથા હતી ત્યારે તો ઠીક છે, પરંતુ આજે પણ કોઈ પણ માણસને વસ્તુની જેમ ખરીદી શકાય છે ! વ્યાજે પૈસા લઈને પણ ડોનેશન દઈ શકે છે આજનો નોકરીઇચ્છુક શિક્ષિત યુવાન ! ઘટતી જતી